# Day to Day Current Affairs

28. ઓક્ટોબર 2015

## ૧. માર્ક ઝુકરબર્ગ – ફેસબુક સીઈઓ :

- ફેસબુકના સીઈઓ માર્ક ઝુકરબર્ગ હાલમાં ભારતના પ્રવાસે આવ્યા છે.

## ૨. રાષ્ટ્રીય પ્રતિભા – શોધ અને પોષણ (એનટી – એસએન) 2015 – 16 :

- ભારતીય ખેલ પ્રાધિકરણ દ્વારા સ્કુલ રમતો સંવર્ધન પ્રતિષ્ઠાન સાથે ભારાતનો પોતાનો અને એકમાત્ર રાષ્ટ્રીય પ્રતિભા – શોધ અને પોષણ કાર્યક્રમ આયોજીત કરે છે.
- પોતાના પ્રારંભીક વર્ષમાં એનટી – એસ એન ફૂટબોલ અને ક્રિકેટ માટે જ આરંભ કરે છે.
- તેમા વધુ રમતો શૈક્ષણિક સેશન 2016થી સામેલ કરવામાં આવશે.
- સમગ્ર ભારતની ખાનગી, સરકારી અથવા સહાયતા પ્રાપ્ત અને કોઈપણ બોર્ડ, કેન્દ્ર અથવા રાજ્ય સાથે સંકલિત સ્કુલો ઓન લાઇન રજીસ્ટર કરાવી શકે છે.
- આ માટે સ્કુલો પોતના એનરોલ વિધાર્થીઓ જેઓ 10 વર્ષ અને 15 વર્ષની ઉંમર વચ્ચેના છે તેઓની બનાવેલ ટીમનો સમાવેશ કરી શકાશે.
- ટુર્નામેન્ટ જિલ્લા લેવલે નવેમ્બર, 2015ના ત્રીજા સપ્તાહમા આરંભિત કરાશે તથા રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગીતાઓ જાન્યુઆરી, 2016માં સમાપ્ત થશે.
- વેબસાઈટ : www.Sportsquthorityofindia. nic. in
- સ્વચ્છ રમત અને પારદર્શિતા માટે તમામ પ્રવૃતિઓ ઓનલાઈન વેબ દ્વારા જ સંચાલિત થાશે.

## 3. રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ચૂંટણી લડતા ઉમેદવારોના પ્રચાર ખર્ચમાં વધારો કરાશે :

- તાજેતરમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ એટલે કે મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારોનાં ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

| સ્થાનિક સ્વરાજ સંસ્થા | પહેલા | હવે |
|---|---|---|
| મહાપાલિકાના દરેક વોર્ડ માટે | રૂ 2.1લાખ | રૂ.2.50લાખ |
| નગરપાલિકાના વોર્ડ 1થી7 માટે | રૂ.45હજાર | રૂ.55 હજાર |
| નગરપાલિકાના દરેક વોર્ડ 7થીવધુ | રૂ.1 લાખ | રૂ.1.20લાખ |
| જિલ્લા પંચયતનાં દરેક મતદાર વિભાગ માટે | રૂ 1.25લાખ | રૂ 1.50લાખ |
| તાલુકા પંચાયતનાં દરેક મતદાર વિભાગ માટે | રૂ.60 હજાર | રૂ 75 હજાર |

## ૪. રિયો ઓલિમ્પિક – 2016 માં રેફુયુજી પણ ભાગ લઈ શકશે :

- હવે ટોચના રેફુયુજી એપ્લેટ્સ રિયો ઓલિમ્પિક 2016 માં ભાગ લઈ શકશે.
- ઘણા એપ્લેટ્સ પાસે નેશનલ ટીમ, પતિનિધિત્વ કરવા માટે દેશ તથા રાષ્ટ્રીય ગીત હોતું નથી, આવા એપ્લેટ્સ ઓલિમ્પિકના ધ્વજ હેઠળ આ રમતોમાં ભાગ લઈ શકાશે.
- સંયુકત રાષ્ટ્રના 193 માંથી 180 દેશોએ આ પ્રસ્તાવને સમર્થન આપ્યુ હતું
- ઈન્ટેરનેશનલ ઓલિમ્પિક સમિતિના અધ્યક્ષ : થોમસ બોક

Vivekanand Academy, Gandhinagar